## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) આ કામે **એલ.એ.કયુ.કેસ નંબર : ૭૭/૧૯૯૧** ના કામે હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની સર્વે/બ્લોક નં.૮૧ પૈકી ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૦–૪૩–૪૧ વાળી જમીન સામાવાળાએ એન.કે.આઈ.બી. માટે સંપાદીત કરી અરજદાર પાસેથી જમીનનો કબજો લેવામાં આવેલો અને જમીનના વાર્ષિક ભાડા વિગેરેની રકમનો એવોર્ડ જાહેર કરેલો. જે રકમ ઓછી મંજુર કરેલ હોય તે રકમ અંગેની વળતર વધારાની માંગણી કરેલ છે અને ચુકવવામાં આવેલ રકમનું વળતર ખુબ જ ઓછુ હોય હાલની જમીન સંપાદન અધિનિયમ ની કલમ ૧૮ મુજબની રેફરન્સ દાખલ કરવામાં આવેલ છે. તેમજ તેઓની રજુઆત છે કે, તેઓની જમીન ખેતીના ઉપયોગની પિયત જમીન છે અને તે સમતલ અને ફળદ્રુપ છે, તેમાં સિંચાઈની સગવડો છે તથા દર વર્ષે બે થી ત્રણ પાકો તેઓ મેળવે છે. તેમજ સારી એવી આવક તેઓ મેળવતા હોય ચૂકવવામાં આવેલ વળતર ખુબ જ ઓછુ છે, વધુમાં તેઓની રજુઆત છે કે આ જમીનની આજુબાજુ બીનખેતીની સંસ્થાઓ,સ્થળો, વેપાર ઉદ્યોગોના એકમો તેમજ બસોની સગવડ, શિક્ષણ સંસ્થાઓ વિગેરે સગવડો આવેલી છે તેમજ તેમનું ગામ પાકા રસ્તાથી જોડાયેલુ છે. વળી બાકીની જમીનના ખુલ્લા ટુકડા થઈ ગયેલ હોય તેનો ખેતીનો કે બીજો ઉપયોગ બીન નફાકારક બનેલ છે.વળી, હાલમાં નાણાનાં મૂલ્યો ઘટી ગયેલ હોય ચૂકવવામાં આવેલ રકમ ખુબ જ ઓછી હોય વળતરની રકમ ઉપર ૨૦% ઇન્જુરીયસ એફેકશન તથા સેવરન્સ ચાર્જીસનુ વળતર ચૂકવવુ જોઈએ. મજકુર જમીનમા વાવેલા ઝાડો અંગે પણ ચૂકવવામાં આવેલ રકમ ખુબ જ ઓછી હોય માંગ્યા મુજબના વળતરની રકમની માંગણી કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે હાલનો કેસ ૧૯૯૧ ની સાલનો ઘણો જુનો કેસ છે. સદર કેસ દાખલ થયા બાદ આ કામે સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓ હાજર થયેલ હોઈ અને તેઓનો જવાબ આંક–૦૮ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે રજુઆત કરેલ છે કે,અરજદારની રેફરન્સ અરજીની

હકીકતો ખરી નથી તથા કાયદેસરની નથી તથા અરજદારની માંગણીના સમર્થનમાં કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી, સદર અરજી ફોલ્સ ફીવોલ્સ, વેકસેસીયસ અને માલાફોઈડ છે. તેથી અરજદાર વધુ વળતર મેળવવા હકકદાર નથી. જેથી અરજદારની અરજી રદ થવા પાત્ર છે તેમ જણાવેલ છે.

(૩)ત્યારબાદ સદર કામે આંક–૦૯ થી મુદા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સદર કામ પુરાવા માટે પેન્ડીંગ રહેલ છે. ત્યારબાદ સબબ કામ ઘણા સમયથી અરજદારો તરફે પુરાવા રજુ ના થતાં આ કામે વખતો વખત અરજદારને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. જેમા અરજદારને આંક–૧૦ થી નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ છે. જેમાં ગામના ઉપસરપંચનાઓએ સહી કરેલ છે. અને અરજદાર ૧૫ વર્ષ પહેલા ગુજરી ગયેલ હોવાનુ જણાવેલ છે. જેથી સદર નોટીસ વગર બજે પરત ફરેલ છે. અને ત્યારબાદ અરજદારને આંક–૧૧ થી નોટીસ ઈસ્યુ કરવામા આવેલ છે. જેમાં બેલીફશ્રીનાઓએ સદર નોટીસમાં દર્શાવેલ અરજદારના સરનામે તપાસ કરતા ગામનાં સ્થાનીક રહીશોએ અરજદાર ગુજરી ગયેલ હોવાનો શેરો કરેલ છે જેથી સદર નોટીસ વગર બજે પરત ફરેલ છે. અને ત્યારબાદ અરજદારને આંક–૧૨ થી નોટીસ ઈસ્યુ કરવામા આવેલ છે. જેમાં બેલીફશ્રીનાઓએ સદર નોટીસમાં દર્શાવેલ અરજદારના સરનામે તપાસ કરતા અરજદાર તા.૧૧/૫/૨૨ ના રોજ ગુજરી ગયેલ હોવાનો શેરો કરેલ છે જેથી સદર નોટીસ વગર બજે પરત ફરેલ છે. આમ વખતો વખત મુદત આપવા છતાં પણ અરજદાર તરફે તેઓના વારસદારો રેકર્ડ ઉપર લાવવાની કોઈ તજવીજ અરજદાર તરફે થયેલ નથી. હાલનો કેસ સને–૧૯૯૧ની સાલનો ખુબ જ જુનો કેસ છે. અને નામદાર ગુજરાત હાઈકોર્ટના તેમના નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટના વખતો વખતના સુચનો તેમજ માર્ગદર્શનો મુજબ સદર કેસ ટોપપ્રાયોરીટીમાં ચલાવવાનો હુકમ કરેલ છે અને તે અંગેના સર્કયુલર પણ કરેલ છે. સદર કામે અરજદાર ગુજરી ગયેલ

હોય તેઓના વારસદારો રેકર્ડ પર લાવવા માટે વારસદારોને પુરતી તક આપવા છતાં પણ તેઓ હાજર થયેલ નથી અને તેઓએ વારસ જોડવાની કોઈ અરજી રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારના વારસદારોને રસ ના હોવાનું જણાઈ આવે છે. તેમજ સી.પી.સી.ની વિવિધ જોગવાઈઓ ધ્યાનમાં રાખતા અરજદાર ગુજરી ગયેલ હોય સમય મર્યાદામાં વારસદારો રેકર્ડ પર આવેલ ન હોય હાલની અરજી ટકી શકે તેમ ના હોય આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) હાલની અરજી એબેટ કરવામાં આવે છે.

(૨) આ કામે જમીન સંપાદન અધીકારીનો હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૫ મી માહે. જુન , સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી/ સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૫/૦૬/૨૦૨૬
સ્થળ:– વિરમગામ

(આર.બી.મારફતિયા)
પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ એન્ડ
એડીશ્નલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વિરમગામ.
UID Code No.GJ00633

Ms.P.A.Parmar(P.A)